શિક્ષિત થવું એટલે વધારે ને વધારે જાણી લેવું એમ નહીં.. પણ વધારે ને વધારે નમ્ર અને સારા સાચા થવું
- સુરેશ દલાલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૪ | ૭ નવેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; કારતક વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મોટેરામાં ભારતે દેવદિવાળી ઉજવી

### અંબાતી રાયડુની શાનદાર સદી : ભારતીય બેટ્સમેનોની ઝંઝાવાતી બેટીંગ : કોહલી સાથે નાયડુએ વિજયી ભાગીદારી નોંધાવી : ભારતીય ટીમના દેખાવથી ક્રિકેટ પ્રેમીઓ નાચી ઉઠ્યા

ગાંધીનગર, તા.૬
અમદાવાદના ઐતિહાસિક સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ભારતે શ્રીલંકા ઉપર શાનદાર જીત મેળવીને શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી લીધી હતી. જીતવા માટેના ૨૭૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે આ મેચ નિર્ધારિત ઓવર કરતા પહેલા જીતી લીધી હતી. ભારતે ૩૩ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે જ ૪૪.૩ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૨૭૫ રન બનાવી લીધા હતા. આની સાથે જ ભારતે આ મેચ છ વિકેટે જીતી લીધી હતી. ભારત તરફથી રાયડુએ જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. રાયડુને આજે કેપ્ટન વિરાટ કોહલીએ વનડાઉનમાં બેટિંગ માટે મોકલ્યો હતો. કોહલીની આ યોજના સંપૂર્ણપણે સફળ રહી હતી. રાયડુ છેલ્લે સુધી નોટઆઉટ રહીને ટીમ ઇન્ડિયાને જીત અપાવી હતી. ભારતની જીતમાં શિખર ધવનની પણ ઉપયોગી ભૂમિકા હતી. ધવને ૭૯ રન ફટકાર્યા હતા જ્યારે કોહલીએ ૪૯ રનની ઈનિંગ્સ રમી હતી. અગાઉ પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ નિર્ધારિત ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૭૪ રન બનાવ્યા હતા. શ્રીલંકન કેપ્ટન એન્જલા મેથ્યુસે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો

● અનુસંધાન પાન-૭ પર

## આજે સરપંચોનું સંમેલન

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને વેગીલું બનાવવા માટે આજે જિલ્લાના ૬૭ ગામોના સરપંચોનું એક સંમેલન સ્ટાફટ્રેનીંગ કોલેજ સે-૧૭ ખાતે યોજાયું છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઉપક્રમે યોજાયેલ આ સરપંચ સંમેલનમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન તેમજ સંપૂર્ણ સ્વચ્છતા મિશન કાર્યક્રમ અંગે સરપંચો સાથે જિલ્લા તંત્રના અધિકારીઓ સીધો સંવાદ કરશે.

જિલ્લા તંત્રના ૩૫ અધિકારીઓને આ ગામોની સ્વચ્છતા ઝુંબેશના મોનીટરીંગ માટે ખાસ લાયઝન અધિકારી તરીકે નિમણુંક અપાઈ છે. આ અધિકારીઓ તેમજ આ ગામોના તલાટીઓ વિશેષ ઉપસ્થિત રહી આખી કાર્યયોજના તૈયાર કરશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી જયશ્રીબેન

● અનુસંધાન પાન-૭ પર

## પંચદેવ મંદિરે - દેવોની દિવાળી - દિવાઓનો ઝળહળાટ



(તસવીર : કમલેશ શાહ)

## શહેરમાં ફૂટપાથનું બાકી કામ વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરાશે

### હાલ 'ખ' અને 'ગ'માર્ગ પર બાકી કામ હાથ ધરવામાં આવ્યું છે

ગાંધીનગર, તા.૬
શહેરમાં ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે. ફૂટપાથનું બાકી કામ ગત જૂન મહીનામાં શરુ કરવામાં આવ્યું હતું. જેના અંતે હાલની સ્થિતિએ ૫૦ ટકા કામગીરી બાકી છે આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે કામ પૂર્ણ કરી દેવાશે.

શહેરમાં છેલ્લા એક દાયકાના સમયગાળા દરમિયાન ૯૬ કી.મી. વિસ્તારમાં ફૂટપાથ નિર્માણું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જયારે બાકી રહેતી કામગીરી સંદર્ભે અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે નગરના વિવિધ માર્ગો પર ફૂટપાથની કામગીરી હજુ ૨૬ કી.મી. રોડ નેટવર્ક આસપાસ બાકી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેના અંતે વિભાગ કક્ષાએથી ગત જૂન મહીનામાં ફૂટપાથનું કામ શરુ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૬.૫૦ કરોડના ખર્ચે ફૂટપાથની આભા ઉભી કરવા અત્યાર સુધી રોડ નંબર-૧, ઈન્ફોસીટી તેમજ રોડ નં.૪ બીનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જયારે હાલ સરગાસણ ચોકડીથી 'ખ' રોડ તેમજ 'ગ' માર્ગ પાસે આરટીઓ નજીક કામ ચાલી રહ્યું છે. ફૂટપાથ નિર્માણની કામગીરી નિયત સમયગાળા દરમિયાન પૂર્ણ થશે નહીં પરંતુ આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી આ કામગીરીમાં હવે વધુ ઝડપ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ પૂર્વે ફૂટપાથનું કામ પૂર્ણ કરી દેવાશે.

## પૂર્વ સટ્ટાકિંગ દિનેશ કલગીનું સારવાર દરમિયાન અવસાન

### ફિક્સિંગને લઈ સકંજો મજબૂત બનતા તેની હાલત કફોડી બની હતી

અમદાવાદ, તા.૬
ક્રિકેટના ઈતિહાસમાં કુખ્યાત સટ્ટાકિંગ તરીકે રહેલા દિનેશ કલગીનું આજે સાલ હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. તેના મોતના સમાચાર ફેલાતાની સાથે જ સટ્ટાબજારમાં સોપો પડી ગયો હતો. આઈપીએલ મેચ ફિક્સિંગ દરમિયાન પણ દિનેશ કલગીએ ઘણી બધી બાબતોનો ખુલાસો કર્યો હતો. દિનેશ કલગીએ એ વખતે દાવો કર્યો હતો કે, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, લંડન અને દુબઈ ફિક્સિંગના મુખ્ય સેન્ટર તરીકે છે. દિનેશ કલગી એમ પણ કહી ચુક્યો હતો કે, કોઈપણ ભારતીય ખેલાડી ઈમાનદાર નથી. ફિક્સિંગની પ્રવૃત્તિ ચાલે છે. વિદેશના ખેલાડીઓ પણ સક્રિય રહ્યા છે. હાઈલેવલ ફિક્સિંગની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. કલગીએ ક્રિકેટ ફિક્સિંગ અંગે અનેક ચોકાવનારા ધડાકા કર્યા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ દિનેશ કલગીનું આજે સાલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.




**બેસણું**

અમારા પૂજ્ય પિતાશ્રી નારાયણલાલ જેશીંગલાલ પૂરોહિત તા.૫/૧૧/૨૦૧૪ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે.સદ્ગતનું બેસણું તા.૭/૧૧/૨૦૧૪ને શુક્રવાર ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી અમારા નીવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં.558/A/5, વિક્રમ પેલેસ, સેકટર-22, ગાંધીનગર. મો.9558551668

ઉષાબેન પ્રેમશંકર વ્યાસ
સુધાબેન સુનીલકુમાર જોષી
રાજશ્રીબેન નારાયણલાલ પુરોહિત
ઉરાલી ચેતનભાઈ પુરોહિત
સુનીલકુમાર કાંતિલાલ જોષી
અંકુર પ્રેમશંકર વ્યાસ
પ્રતિક પ્રેમશંકર વ્યાસ
ચાહિલ સુનીલકુમાર જોષી

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૮-૧૧-૧૪, શનિવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૪ બોરપંપ સબસ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ




૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

ૐ ભૂર્ભવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।



**ચાલો**



**રાંધેજા**



**શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા**

જગત જનની ગાયત્રીની અનહદ કૃપાથી મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણના પ્રણેતા પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી રામશર્મા આચાર્યજીના સ્વપ્નને સાકાર કરવા માટે, શાંતિકુંજ હરિદ્વાર તેમજ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ માણસા તેમજ રાંધેજા દ્વારા આયોજીત પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન કરેલ છે. જેમાં આજની પરિસ્થિતિને અનુરૂપ સમસ્યાનું સમાધાન તેમજ માનવને સાચો માનવ બનવાની કથા એટલે પ્રજ્ઞાપુરાણ કથા. તમામ ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

કથાનું રસપાન : શ્રીમતી ડો. મમતાબેન પંડિત (ચાણસ્માવાળા)

પોથીયાત્રા : પટેલ રસીકલાલ મણીલાલના ઘરેથી નીકળી ગામ પ્રદક્ષિણા કરી કથાના સ્થળે પહોંચશે

: કથાનું સ્થળ :
અંબાજી માતાના મંદિર સામે, પ્લોટમાં, રાંધેજા

: કથાની તારીખ - સમય :
તા. ૭/૧૧/૨૦૧૪થી ૧૦/૧૧/૨૦૧૪ સુધી
રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી

સૌજન્ય : પટેલ સવિતાબેન રસીકલાલ (U.S.A.) મો. ૯૮૨૫૧ ૬૭૮૦૫

આયોજક : ગાંધીનગર જીલ્લા ગાયત્રી પરિવાર તેમજ સમસ્ત ગામ - રાંધેજા

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**

ઓછી આવક ધરાવતા વર્ગના (LIG) લોકો માટે આવાસ મેળવવા માટે

**"શુભ-લાભ આવાસ યોજના"**

।। भूमिस्त्वपि बलं राष्ट्रे दधातूत्तमे ।।
ગુડા
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તાર માં (ગાંધીનગર મહાનગર પાલિકા સહિત) રહેતાં ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ કરાવી શકાય તે મુજબના આવાસોનું ટી.પી.સ્કીમ નં. ૧૦ અડાલજ ખાતે નિર્માણ કરવામાં આવનાર છે. જે અંતર્ગત મકાન મેળવવા ઈચ્છા ધરાવતા અને નિયત પાત્રતા ધરાવતા લોકો પાસેથી ડિમાન્ડ સર્વે માટે સત્તામંડળ નિયત અરજી પત્રકમાં અરજીઓ આમંત્રિત કરે છે.

- બાંધકામનું ક્ષેત્રફળ કાર્પેટ : ૪૧.૯૨ ચો.મી. (૫૧.૧૨ ચો.વાર)
  બિલ્ટ અપ : ૪૮.૪૦ ચો.મી. (૫૭.૮૬ ચો.વાર)
  (ડ્રોઈંગ રૂમ, બેડ રૂમ, સ્ટડીરૂમ, રસોડું, બાથરૂમ, W.C)
- આવાસની અંદાજીત કિંમત :- રૂા. ૧૧,૦૦,૦૦૦/-
  (અંકે રૂપિયા અગિયાર લાખ પૂરા)
- અરજી પત્રકની કિંમત :- રૂા. ૨૦૦/-
- અરજદારે અરજી પત્રક સાથે ડીપોઝીટ પેટે રૂા. ૨૫૦૦૦/-
  (અંકે રૂપિયા પચીસ હજાર પૂરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે.
  ડીપોઝીટ સિવાયની અરજી રદ બાતલ ગણાશે.
- અરજદારના કુટુંબની આવકની મહત્તમ મર્યાદા: રૂા. ૨,૫૦,૦૦૦/-



ગુડાનો શુભ પ્રયાસ, સામાન્ય જન ને લાભ

**આવાસ યોજનાની અન્ય શરતો:**

(૧) અરજદારના કુટુંબના માત્ર એક સભ્ય જ આવાસ મેળવવા હક્કદાર રહેશે.
(૨) મકાનની ફાળવણી અરજદારની પાત્રતા ચકાસી તે મુજબ લાયક ઠરેલ અરજદારો માટે કમ્પ્યુટર ડ્રો સિસ્ટમથી કરવામાં આવશે.
(૩) અરજદારના પતિ/પત્નિ કે કુટુંબના સભ્યોના નામે ગાંધીનગર મહાનગર પાલિકા હદમાં કે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પોતાની માલિકીનું મકાન હોવું જોઈએ નહીં. આ બાબતે અરજદારે અરજી પત્રક સાથે નિયત નમૂનામાં રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું રજુ કરવાનું રહેશે.
(૪) અરજદારે માત્ર ગુડા દ્વારા પ્રસિધ્ધ કરેલ ફોર્મમાં જ અરજી કરવાની રહેશે. (ફોટો કોપી, નકલ કે અન્ય રીતે મેળવેલ ફોર્મ માન્ય ગણાશે નહીં.)
(૫) અરજદારે ગુડા દ્વારા નિયત કરવામાં આવેલ સમય મર્યાદામાં આવાસની પૂરેપૂરી રકમ જમા કરાવવાની રહેશે. અન્યથા અરજદારને આવાસ ફાળવવામાં આવશે નહિં.
(૬) આ યોજના અંગે લાભાર્થી નક્કી કરવા તથા તેની ફાળવણી ના નીતિ-નિયમો નિયત કરવાનો ગુડાને અબાધિત હક્ક રહેશે અને તે અરજદારને બંધનકર્તા રહેશે.
(૭) અરજી પત્રકો ગ્રાહ્ય રાખવા કે ન રાખવા તે બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુડાનો નિર્ણય આખરી ગણાશે. જે અરજદારને બંધનકર્તા રહેશે.
(૮) આ યોજના અંગેની વિગતવાર માહિતી સત્તામંડળની વેબસાઈટ: www.guda.gujarat.gov.in પર ઉપલબ્ધ રહેશે.

અરજી પત્રક વિતરણ :તા. ૧૧/૧૧/૨૦૧૪ થી સ્વીકાર- ૩૧/૧૨/૨૦૧૪ સુધી (રજાના દિવસો સિવાય - ૧૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી)

| ફોર્મ વિતરણ તથા સ્વીકારના અધિકૃત સ્થળ: | ગુડા કચેરી, ઉધોગભવન,ગાંધીનગર<br>દેના બેંક સેકટર-૨૨ શાખા | :- તા. ૧૧/૧૧/૨૦૧૪ થી<br>:- તા. ૩૧/૧૨/૨૦૧૪ સુધી |
|---|---|---|

ખાસ ચેતવણી: ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની આવાસ યોજના અંગેના ફોર્મના વિતરણ અને સ્વીકાર માટે કોઈ વ્યક્તિ/એજન્સીની નિયુક્તિ કરેલ નથી. જેથી માત્ર અને માત્ર ગુડા કચેરી, દેના બેંક ની નિયત શાખામાંથી જ ફોર્મ મેળવવા.

સ્થળ : ગાંધીનગર
તારીખ :

મુખ્ય કારોબારી અધિકારી
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
૪ થો માળ, બ્લોક નં. ૧૮, ઉધોગભવન, ગાંધીનગર, ફોન નં. ૦૭૯-૨૩૨ ૪૯૦૧૭/૧૮

દિવ્ય ગુજરાત - ભવ્ય ગુજરાત